

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-09 ■ તા. 26-02-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## ભાજપ કોઈ પાર્ટી નથી, આરએસઆસનું મોહરૂં છે, આ બંને અનામતના કટ્ટર વિરોધી છે : લાલુ પ્રસાદ યાદવ

પૂર્ણિયા,તા.૨૫

બિહારના પૂર્ણિયામાં આજે મહાગઠબંધનની મહારેલી યોજાઇ છે. રેલીમાં લાલુ યાદવે સંબોધન કરતા કહ્યું હતું કે ભાજપ કોઈ પાર્ટી નથી, તે આરએસએસનું મોહરૂં છે. ભાજપ અને આરએસએસ અનામતના કટ્ટર વિરોધી છે.લાલુએ કહ્યું હતું કે આપણે સૌ સાથે રહીશું તો આ લોકો કશું જ કરી શકશે નહીં. લાલુ દિલ્હીથી રેલીમાં જોડાયા હતા. તેમણે વીડિયો કોનેફરન્સ દ્વારા રેલીમાં લગભગ ૧૦ મિનિટ સુધી સંબોધન કર્યું હતું.

લાલુએ સંબોધન કરતા કહ્યું કે આ ભીડને જોઈને ખુશ છું. આ એકજુથતા દર્શાવે છે કે ભવિષ્યમાં જે લોકસભાની ચૂંટણી યોજાવાની છે, તેમાં આ ગઠબંધન મજબુત ગઠબંધન બની જશે. તે ભાજપ અને આરએસએસને દુર કરશે. આપણે આ લોકોથી દેશને બચાવવાનો છે. હવે દેશમાંથી નરેન્દ્ર મોદીની સરકારની વિદાયનો સમય આવી ગયો છે. અમે અને નીતિશ એક થઈ ગયા છીએ. હવે હંમેશા સાથે રહીશું. ૨૦૨૪માં રેકોર્ડ તોડવાનો છે.લાલુએ કહ્યું- મારી પુત્રી રોહિણીએ મારા માટે ઘણું કર્યું છે. તેણે મારા માટે જે કર્યું તે કોઈ કરી શકે નહીં. હું રોહિણીનું ઋણ ક્યારેય નહીં ચૂકવી શકું.



દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે સભાને સંબોધનમાં અમિત શાહ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે ભાજપે દેશ પર કબજો કરી લીધો છે. તેઓ દેશના હિતમાં કોઈ કામ નથી કરી રહ્યા. બિહારના વિકાસ માટે કોઈપણ કામ કર્યું છે? પણ અહીં આવીને કહે છે કે અમે આ વિકાસ કર્યો અને તે વિકાસ કર્યો. ગઈ ચૂંટણીમાં આ લોકોએ બિહારના વિકાસમાં મદદ કરવાનું વચન આપ્યું હતું પણ મદદ કરી નહોતી.

નીતિશ કુમારે ફરી કહ્યું કે જો આપણે બધા સાથે રહીશું તો ભાજપ ૧૦૦ સીટો પણ જીતી શકશે નહીં. જીવનભર તમે લોકોના ભલા માટે કામ કરશો. મારી કોઈ વ્યક્તિગત ઈચ્છા નથી. હું ઈચ્છું છું કે દેશને આગળ વધવા માટે બીજેપીને પરાજિત કરવી પડશે. જેમ આપણે બિહારમાં એક છીએ તેમ દેશમાં પણ એક થવું પડશે.

નીતિશે સંબોધન કરતા કહ્યું હતું કે ભાજપવાળા પોતાના નેતાઓને પણ યાદ કરતા નથી. આ લોકો ક્યારેય અટલ બિહારી, અડવાણી, મુરલી મનોહર જોશી, અરુણ જેટલીના નામનો ઉલ્લેખ પણ કરતા નથી. મારા વિશે કહેવામાં આવ્યું હતું કે મેં જ્યોર્જ ફર્નાન્ડિસ સાથે દગો કર્યો હતો જ્યારે અમે તો તેમની સાથે જ હતા.

નીતિશ પહેલા નાયબ મુખ્યમંત્રી અને રાજદ નેતા તેજસ્વી યાદવે રેલીને સંબોધી હતી. તેમણે કહ્યું કે જેમ અમારું અહીં મહાગઠબંધન છે. તેવી જ રીતે દેશમાં પણ મહાગઠબંધન છે. તમારા આશીર્વાદ અને પ્રાર્થનાથી આજે મારા પિતા એકદમ સ્વસ્થ છે. આજે હું ખૂબ જ ખુશ છું કે મારા પિતા ફરીથી તેમની જૂના અંદાજમાં જોવા મળ્યા છે. મારા પિતા આજ સુધી સાંપ્રદાયિક શક્તિઓ સામે ઝૂક્યા નથી. તે હંમેશા એ લોકો સામે લડતા રહ્યા. ભાજપના લોકો નેતા નથી, ડીલર છે. આ લોકો લોકશાહીને ખતમ કરવા માંગે છે. લાલુના પુત્રએ પણ વચન આપ્યું છે કે તેઓ ક્યારેય સાંપ્રદાયિક તાકાતો સામે ઘુટણીયે પડશે નહીં. અમે સૌ સાતેય પક્ષો સાથે મળીને દેશને આગળ લઈ જઈશું.

ભાજપ વિરુદ્ધ બોલતા જ દેશમાં દરોડા પડે છે. જેઓ તેની સાથે રહે છે તેમને બચાવી લેવાય છે. નીતિશે યોગ્ય સમયે તેમનો સાથ છોડી દીધો અને મહાગઠબંધન બનાવી લીધું. જો આપણે એક થઈને લડીએ તો આપણી જીત નિશ્ચિત છે.તેજસ્વીએ કહ્યું હતું કે વડાપ્રધાન કે મુખ્યમંત્રી બનવાની કોઈની ઈચ્છા નથી. અમારે તો બસ સાથે મળીને આ લોકોને દેશમાંથી બહાર કરવા છે. અફવાઓ પર ધ્યાન આપવું નહીં. ૨૦૨૪માં ભાજપને સત્તામાંથી દુર કરવાનું છે. ૨૪ની લડાઈ આરએસએસ અને ભાજપની સામે છે.તેજસ્વી યાદવે ગૃહમંત્રી અમિત શાહના જંગલરાજવાળા નિવેદન સામે પલટવાર કર્યો હતો. તેમણે કહ્યું કે બિહારમાં જંગલ રાજ નહીં, જનતાનું રાજ છે. અનેસવર્ણ, દલિત, આદિવાસીઓ સૌને સાથે લઈને ચાલીએ છીએ.તેજસ્વી યાદવે પૂર્ણિયા રેલીનો નિર્ણય તે દિવસે લીધો હતો, જે દિવસે અમિત શાહે મીટિંગ માટે પૂર્ણિયાને પસંદ કર્યું હતું. ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સીમાંચલમાં ભાજપ વિરોધી પક્ષોનું બેઠક છે. સીપીઆઇ એમએલએ ૧૮ ફેબ્રુઆરીએ પટનામાં વિપક્ષી પાર્ટીઓની એક બેઠકનું આયોજન કર્યું હતું.અહીં નીતીશ કુમાર, તેજસ્વી યાદવ સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુર્શીદ હાજર રહ્યા

## સત્તા માટે સોનિયાના ચરણે જનાર નીતીશ માટે ભાજપના દરવાજા બંધ : અમિત શાહ

### નીતીશબાબુ દર ત્રણ વર્ષે પીએમ બનવાનું સપનું જુએ છે. તેઓ જંગલ રાજના પ્રણેતા લાલુ પ્રસાદ યાદવના ખોળામાં જઈને બેઠા

પટણા,તા.૨૫

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ આજે બિહાર પહોંચ્યા હતાં તેઓ પશ્ચિમ ચંપારણ જિલ્લામાં એક જનસભાને સંબોધિત કરી હતી જનસભામાં બોલતા અમિત શાહે કહ્યું હતું કે, આજે હું ચંપારણની પવિત્ર ભૂમિ પર આપ સૌનું સ્વાગત કરું છું. પૂર્ણ બહુમતવાળી ભાજપ સરકાર જ બિહારને વિકાસ અને સમૃદ્ધિના માર્ગે લઈ જઈ શકે છે.



અમિત શાહે કહ્યું હતું કે, પશ્ચિમ ચંપારણના અજલૌરિયામાં આયોજિત આ વિશાળ જનસભાને સંબોધિત કરવી ખૂબ જ સારી લાગણી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, બિહારની જનતાએ છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને સૌથી મોટી પાર્ટી બનાવી છે. ડબલ એન્જિનની સરકાર સારી રીતે ચાલે તે માટે અમે વચન મુજબ નીતિશજીને મુખ્ય પ્રધાન બનાવ્યા, પરંતુ નીતીશબાબુ દર ત્રણ વર્ષે પીએમ બનવાનું સપનું જુએ છે. તેઓ જંગલ રાજના પ્રણેતા લાલુ પ્રસાદ યાદવના ખોળામાં જઈને બેઠા. સત્તા માટે નીતીશ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના ચરણે ગયા. અમિત શાહે કહ્યું કે નીતીશજીએ ઘણા વર્ષોથી 'આયા રામ ગયા રામ' કર્યા કર્યું છે, હવે તેમના માટે ભાજપના દરવાજા હંમેશા માટે બંધ છે. હું બિહારના લોકોને અપીલ કરવા આવ્યો છું કે જેડીયુ અને આરજેડીનું આ અપવિત્ર ગઠબંધન પાણી અને તેલ જેવું છે. આમાં જેડીયુ પાણી છે અને આરજેડી તેલ છે. અને આ બંને ક્યારેય મળી શકતા નથી. શાહે કહ્યું કે નીતીશે બિહારનું વિભાજન કર્યું. બિહાર સળગી રહ્યું છે. તેમણે કહ્યું કે સીએમ નીતીશ નકલી દારૂ પર ચુપ્પી સાધીને બેઠા છે. તેમણે લોકોને આગામી ચૂંટણીઓમાં ભાજપને મત આપીને ભારે બહુમતિથી જીતાડવાની અપીલ કરી હતી.

તેમણે કહ્યું કે આરજેડી અને જેડીયુની મિત્રતા તેલ અને પાણી જેવી છે. આમાં આરજેડીનું તેલ અને જેડીયુનું પાણી છે. બંને વચ્ચે કોઈ મેળ નથી. તેને અર્થ સાથે સંબંધ છે. પીએમ બનવા માટે નીતિશ કુમાર કોંગ્રેસ અને આરજેડીના શરણમાં ગયા છે. પીએમ બનવા માટે નીતિશે બિહારનું વિભાજન કર્યું છે. નીતીશને પીએમ બનાવવાના નામે બિહારના પૈસાની ઉચાપત કરવામાં આવી રહી છે. જે લોકો નીતિશ કુમારને પીએમ બનાવવા માટે કળતર આપી રહ્યા છે તેઓ તેમને કરોડો રૂપિયાનું વિમાન ખરીદવાનું કહી રહ્યા છે. પરંતુ કેન્દ્રમાં કોઈ જગ્યા ખાલી નથી. ૨૦૨૪માં ફરી મોદી આવવાના છે.

શાહે કહ્યું કે દર ત્રણ વર્ષે નીતિશ કુમાર પીએમ બનવાનું સપનું જુએ છે. નીતિશ કુમાર પોતાને જેપીના શિષ્ય ગણાવે છે. પરંતુ જે કોંગ્રેસ સામે જય પ્રકાશ નારાયણ જીવનભર લડ્યા. નીતીશ કુમાર તેમના ખોળામાં બેસી ગયા. ભાજપ સાથે મળીને લાલુ યાદવના જંગલરાજ સામે લડી, હવે લાલુ યાદવના ખોળામાં બેઠા છે. અમિત શાહે કહ્યું કે જેઓ જંગલ રાજ લાવ્યા છે તેમને સત્તામાંથી બહાર ફેંકવા પડશે. બિહારમાં ૨૦૨૫માં ભાજપે પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવવાની છે. તેની શરૂઆત ૨૦૨૪માં જ થવાની છે. શાહે બિહારના લોકોને ભાજપને લોકસભાની તમામ બેઠકો જીતાડવાની અપીલ કરી હતી. કેન્દ્ર બિહાર સાથે સાવકી માતા જેવું વર્તન કરી રહ્યું છે. તેજસ્વીના આરોપનો શાહે પણ આપ્યો જવાબ, અમિત શાહે કહ્યું- કેન્દ્રમાં યુપીએ સરકાર હતી ત્યારે બિહારને માત્ર ૫૦ હજાર કરોડ રૂપિયા મળ્યા હતા. પીએમ મોદીની સરકારમાં બિહારને ૨૦૧૪થી ૧૯ દરમિયાન ૧ લાખ ૯ હજાર કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

## 'પરિવાર સિવાય ધોની એકમાત્ર વ્યક્તિ જેમણે મને નજીકથી ઓળખ્યો છે' : વિરાટ કોહલી

નવીદિલ્હી, તા.૨૫

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ એકવાર ફરી મહેન્દ્ર સિંહ ધોની સાથેના પોતાના સંબંધને લઈને વાત કરી છે. બંને ખેલાડીઓની વચ્ચેની મિત્રતા વિશે દરેક જાણે છે અને બંનેએ સાથે મળીને દેશને ઘણી મેચ પણ જીતાડી છે પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધા બાદ પણ ધોનીનો સાથ કોહલી માટે ખૂબ મદદરૂપ રહ્યો છે.




વિરાટ કોહલીએ પોતાની આઈપીએલ ટીમ આરસીબીના પોડકાસ્ટની બીજી સિઝનના ૧૦મા એપિસોડમાં ધોની સાથે પોતાના સંબંધ અને કેપ્ટનશિપ છોડવા વિશે જણાવ્યુ છે. કોહલીએ કહ્યુ, મે વર્તમાનમાં પોતાના કરિયરમાં એક અલગ રીતનો અનુભવ કર્યો છે. હુ ક્રિકેટ રમતી વખતે જેટલો આરામ અનુભવુ છુ તેવા અનુભવને ઘણો સમય થઈ ગયો છે.

વિરાટ કોહલીએ ૧૫ વર્ષના કરિયરમાં ભારત માટે ૧૦૬ ટેસ્ટ, ૨૭૧ વનડે અને ૧૧૫ ટ્વેન્ટી૨૦ રમી છે અને ૨૫૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા છે. તેમણે પોતાના ખરાબ સમય પર વાત કરતા કહ્યુ ''રસપ્રદ વાત એ છે કે આ સમગ્ર સમયમાં અનુષ્કા સિવાય મહેન્દ્ર સિંહ ધોની જ એવા માણસ હતા, જેમણે મને તાકાત આપી. અનુષ્કા આ સમગ્ર સમયમાં મારા સાથે રહી છે અને તેમણે મને ખૂબ નજીકથી જોયો કે મે કેવો અનુભવ કર્યો છે. જે પ્રકારની બાબતો થઈ છે, મારા બાળપણના કોચ અને પરિવાર સિવાય... એકમાત્ર વ્યક્તિ જે વાસ્તવમાં મારી નજીક પહોંચ્યા, તે એમએસ ધોની છે''.

કોહલીએ ૨૦૦૮થી ૨૦૧૯ની વચ્ચે ટીમ ઈન્ડિયા સાથે પોતાના કાર્યકાળ દરમિયાન ૧૧ વર્ષ સુધી ધોની સાથે ડ્રેસિંગરૂમ શેર કર્યો. ધોની વિશે તેમણે કહ્યુ, તેમણે મારી સાથે વાત કરી અને તમે કદાચ જ તેમની સાથે સંપર્ક કરી શકો છો. પરંતુ હુ તેમને કોઈપણ દિવસે ફોન કરુ તો ૯૯ ટકા શક્યતા છે કે તેઓ ફોન નહીં ઉઠાવે, કેમ કે તેઓ ફોન જોતા નથી. તેથી તેમની મારી સાથે વાત કરવી ખાસ હતી. અત્યાર સુધી બે વખત તેમણે મને કહ્યુ હતુ, જ્યારે તમારી પાસેથી મજબૂત હોવાની આશા કરવામાં આવે છે અને તમને એક મજબૂત માણસ તરીકે જોવામાં આવે છે તો અલગ-અલગ લોકો એ પૂછવાનુ ભૂલી જાય છે કે તમે કેમ છો?રોયલ ચેલેન્જર્સ બેંગલોર સાથે વિરાટ કોહલી ૨૦૦૮માં જોડાયા અને તેઓ ૨૦૧૧માં ટીમના કેપ્ટન બન્યા.

## શિવસેના જૂથ વચ્ચે ચાલી રહેલી રાજકીય અને કાયદાકીય લડાઈના પડઘા વિધાનસભાના બજેટ અધિવેશન પડશે

મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્રના રાજકરણમાં શિવસેના જૂથ વચ્ચે ચાલી રહેલી રાજકીય અને કાયદાકીય લડાઈના પડઘા સોમવાર ૨૭ ફેબ્રુઆરીથી ચાલુ થઈ રહેલા વિધાનસભાના બજેટ અધિવેશન પડશે.

બાળ ઠાકરે દ્વારા સ્થાપવામાં આવેલી ૫૬ વર્ષ જૂના પક્ષ શિવસેના અને પક્ષના સિમ્બોલ ધનુષ અને બાણની માલિકીને લગતા પ્રકરણમાં ચૂંટણી પંચે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ગ્રુપની તરફેણમાં ચુકાદો આપ્યો છે. ગયા વર્ષે જૂન મહિનામાં બહુમતીની સંખ્યામાં વિધાનસભ્યો સાથે લઈને શિંદે ગ્રુપે શિવસેનામાં બળવો કરતા પક્ષમાં ભંગાણ પડ્યું હતું. ચૂંટણી પંચના ચુકાદા બાદ શિંદે ગ્રુપે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને અરજી કરીને વિધાન ભવન કૉમ્પલેક્સમાં રહેલી શિવસેનાની ઑફિસ પર કબજો કરી લીધો હતો. તો શિંદે કેંપના માનવા મુજબ વિધાનસભ્યો માટે કાઢવામાં આવનારો વ્હીપ ઠાકરેને વફાદાર વિધાનસભ્યોને પણ લાગુ પડશે. આ દરમિયાન નાર્વેકરે કહ્યું હતું કે તેમને હજી સુધી કોઈ કેમ્પ પાસેથી અલાયદો પક્ષ હોવાને લગતો દાવો કરતું કોઈ પ્રતિનિધિ આવ્યું નથી. નાર્વેકરે કહ્યું હતું કે હાલ એક જ શિવસેના પંચાવન વિધાનસભ્યો સાથેની છે, જેનું નેતૃત્વ શિંદે કરી રહ્યા છે અને વિધાનસભ્ય ભારત ગોગાવલે ચીફ વ્હીપ છે.

જોકે સિનિયર એડવોકેટ અને ભૂતપૂર્વ મહારાષ્ટ્ર એડવોકેટ જનરલ શ્રીહરીના કહેવા મુજબ ચૂંટણી પંચે શિવસેનામાં ભંગાણ પડ્યું હોવાનું માન્ય રાખ્યું છે તેથી શિંદે કેમ્પનો વ્હીપ ઠાકરે ગ્રુપના વિધાનસભ્યોને લાગુ પડશે નહીં.

ઠાકરે ગ્રુપે વિધાનમંડળમાંથી અલગ ગ્રુપ હોવાની માન્યતા લેવાની રહેશે. રાજ્યના બજેટ અધિવેશન નવા નીમાયેલા રાજ્યપાલ રમેશ બૈસનું અભિભાષણ થશે.

ડેપ્યુટી નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ફાઈનાન્સ ઍન્ડ પ્લાનિંગ પોર્ટ ફોલિયો સંભાળે છે, તેઓ શિંદે સરકારનું પહેલું બજેટ નવ માર્ચ રજૂ કરશે અને અધિવેશન ૨૫ માર્ચ સુધી ચાલશે.

## યોગી વિધાનસભામાં વિફર્યા, માફિયાઓને તો માટીમાં મસળી નાખીશું

લખનૌ,તા.૨૫

પ્રયાગરાજના રાજુ પાલ મર્ડર કેસના મુખ્ય સાક્ષી ઉમેશ પાલ અને તેના સુરક્ષા ગાર્ડ સંદીપ નિષાદને શુક્રવારે સાંજે ગોળી મારી દેવા મામલે આજે વિધાનસભામાં ભારે હોબાળો થયો હતો. તેના જવાબમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે સમજૂતી અને મતભેદ હશે પરંતુ ગુનેગારોને કોણે પ્રોત્સાહન આપ્યું? આ ગુનેગારો અને માફિયાઓ, છેવટે, તેઓ કોના દ્વારા ઉછેરવામાં આવ્યા છે? શું એ સાચું નથી કે જેની સામે એફઆઈઆર નોંધાઈ છે તેને સમાજવાદી પાર્ટી દ્વારા સાંસદ બનાવવામાં આવ્યો હતો? તમે ગુનેગારને લાવશો અને પછી તમે તમાશો બનાવશો. અમે આ માફિયાઓને માટીમાં મસળી નાખીશું. મુખ્યમંત્રી યોગી વિધાનસભામાં રાજ્યસભાના સંબોધન પર ગૃહને સંબોધવાના હતા, પરંતુ વિપક્ષના નેતા અખિલેશ યાદવે પ્રયાગરાજમાં રાજુ પાલ હત્યા કેસના મુખ્ય સાક્ષીને ગોળી મારીને હત્યા કરવાનો મુદ્દો ઉઠાવ્યો. તેની સામે મુખ્યમંત્રી યોગીએ રોષ વ્યક્ત કરતાં સપાને માફિયાઓના રક્ષક ગણાવી હતી. તેમણે કહ્યું કે રાજ્યમાં કોઈપણ માફિયાઓને છોડવામાં આવશે નહીં. અમે કોઈપણ માફિયાઓને છોડીશું નહીં.આ પહેલા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર ગોળીબાર, બોમ્બ ધડાકા અને ગેંગ વોર જેવી ઘટનાઓને લીધે સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. શું આ રામરાજ્ય છે.

## ભારતમાં ટેસ્ટ ક્રિકેટફિવરઃ નાગપુર ટેસ્ટને ટીવી ઉપર ૭૩ લાખ લોકોએ નિહાળી

નવીદિલ્હી, તા.૨૫

ભારત-પાકિસ્તાન વચ્ચે ગ્રુપ-૨ની મેચ વિમેન્સ ટી-૨૦ વર્લ્ડકપમાં સૌથી વધુ જોવાઈ છે. મહિલા ક્રિકેટમાં સૌથી વધુ જોવાનારા ટી-૨૦ મુકાબલામાં આ મેચ બીજા ક્રમે રહી છે. બીજી બાજુ ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પહેલી ટેસ્ટ પાછલા પાંચ વર્ષમાં ભારતમાં સૌથી વધુ જોવાનારી સ્પોર્ટ્સ ઈવેન્ટમાં ત્રીજા ક્રમે રહી છે.પાછલા પાંચ વર્ષમાં ભારત-પાકિસ્તાન મેચથી વધુ વ્યુઅરશિપ ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે ૨૦૨૦ના વિમેન્સ ટી-૨૦ વર્લ્ડકપ ફાઈનલમાં મળી હતી. ત્યારે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલો આ મુકાબલો ૯૦ લાખ લોકોએ જોયો હતો.

ડિઝની હોટસ્ટારના સ્પોર્ટ્સ હેડ સંજોગ ગુપ્તાએ કહ્યું કે ભારત-પાકિસ્તાન વચ્ચે વિમેન્સ ટી-૨૦ વર્લ્ડકપ ગ્રુપ મેચ મહિલા ક્રિકેટમાં ટીવી પર બીજી સૌથી વધુ જોવાનારી મેચ રહી છે. પહેલાં નંબરે ૨૦૨૦ વિમેન્સ ટી-૨૦ વર્લ્ડકપનો ફાઈનલ હતો. આ બન્ને મુકાબલા સૌથી મોટા સાબિત થયા છે. લાઈવ સ્પોર્ટસમાં આ પ્રકારની ઈવેન્ટ થવાથી ટીવી વ્યુઅરશિપ વધે છે.સ્ટારે જણાવ્યું કે વિમેન્સ ટી-૨૦ વર્લ્ડકપ શરૂ થતાં પહેલાં સ્ટારની ટીવી ચેનલ પર ભારતીય મહિલાઓના તમામ મુકાબલાને લાઈવ બતાવવામાં આવ્યા હતા. ઑસ્ટ્રેલિયા શ્રેણી બાદ વિન્ડિઝ અને આફ્રિકા સામેની ટ્રાઈ સિરીઝના મેચ પણ બતાવાયા હતા. આ મેચોને ટીવી પર બતાવવાથી વ્યુઅરશિપ પર પોઝિટીવ ઈમ્પેક્ટ પડી હતી.

ટીવી ઉપર ક્રિકેટની વ્યુઅરશિપ હવે વધવા લાગી છે. ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે નાગપુરમાં રમાયેલી પહેલી ટેસ્ટ પાછલા પાંચ વર્ષમાં સૌથી વધુ જોવાનરા મુકાબલામાં ત્રીજા નંબરે છે. પહેલાં અને બીજાક્રમે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ૨૦૨૦૧ દરમિયાન ભારતમાં રમાયેલા બે ટેસ્ટ મેચ છે જેમાંથી એક ડે-નાઈટ મુકાબલો હતો.

# તંત્રી લેખ

## વાંધાજનક ટિપ્પણી

*કોંગ્રેસના નેતા પવન ખેડાએ વડાપ્રધાનના પિતાને લઈને વાહિયાત ટિપ્પણી કરીને હદ પાર કરી દીધી, પરંતુ અસમ પોલીસે તેમની ધરપકડ કરીને બિનજરૂરી રીતે પ્યાદાને વજીર બનાવવાની ભૂલ કરી. આ કંઈ નવી વાત નથી, રાજકારણમાં આવા વાહિયાત કટાક્ષ કરનારા નેતાઓ હાલમાં વધી ગયા છે, જેમને તેમના હાઈકમાન્ડનું પણ સમર્થન હોય છે. કોંગ્રેસના રાયપુરમાં સમેલનમાં ભાગ લેવા જ્યારે પવન ખેડા રવાના થયા ત્યારે તેમની વિમાનમાંથી ઉતારીને ધરપકડ કરવામાં આવી. હવે સર્વોચ્ચ ન્યાયાલયે તેમને વચગાળાના જામીન તો આપ્યા છે, સાથે જ તેમને ટપાર્યા પણ ખરા. જોકે આવા કિસ્સામાં ધરપકડની જરૂરિયાત ન હતી. અસમ પોલીસને ખબર હોવી જોઈએ કે તેની કાર્યવાહીનો વિરોધ તો થશે, પરંતુ તેને રાજકીય મુદ્દો બનાવવાની કોશિશ પણ થશે. અંતે એવું જ થયું. આના પહેલાં ત્યારે પણ એવું થયું હતું, જ્યારે અસમ પોલીસે ગુજરાતના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની ધરપકડ કરી હતી. કંઈક એ જ રીતે ગુજરાત પોલીસે તૃણમૂલ કોંગ્રેસના નેતા સાકેત ગોખલેની પણ ધરપકડ કરી હતી. જિગ્નેશની જેમ સાકેત પર પણ વાંધાજનક ટ્વીટ કરવાના આરોપ હતા. એમાં શંકા નહીં કે નેતા ઘણીવાર ખીજને કારણે મર્યાદાની સીમા ઓળંગી જાય છે, પરંતુ તેમની ધરપકડ કરવાથી તેઓ હતોત્સાહિત થશે એમ માનવું ભૂલભરેલું છે. તેમના આવા નિવેદનો માટે તેમને સજા અપાવવી પણ સંભવ નથી હોતું, કારણ કે મોટાભાગના તો નાકલીટી તાણીને માફી માંગી લે છે અથવા એમ કહીને હાથ ઊંચા કરી દે છે કે તેમના કહેવાનો અર્થ એ ન હતો. આવું જ કામ કોંગ્રેસના પવન ખેડાએ પણ કર્યું, જ્યારે એ સ્પષ્ટ જણાય છે કે તેમણે જાણીજોઈને વડાપ્રધાનના પિતા પર અયોગ્ય કટાક્ષ કર્યો.*

*કોંગ્રેસ સહિત અન્ય વિરોધ પક્ષના નેતાઓ દ્વારા વડાપ્રધાન કે તેમના માતા-પિતા પર વાહિયાત ટિપ્પણીઓ કરવી નવી વાત નથી. હાલમાં ખતમ થયેલી ભારત જોડો યાત્રા દરમ્યાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તે નફરતના બજારમાં મહોબ્બતની દુકાન ખોલવા માંગે છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને તેમની અને અન્ય કોંગ્રેસી નેતાઓની ટિપ્પણીઓથી એવું બિલકુલ નથી લાગતું. વડાપ્રધાનને નિશાન બનાવવા માટે તેમના પિતા પર પવન ખેડાએ જે વાંધાજનક ટિપ્પણી કરી તે તેમની નફરત જ દર્શાવે છે. એ કોઈથી છૂપું નથી કે જ્યારે જ્યારે કોંગ્રેસી નેતાઓ વડાપ્રધાનને નીચા દેખાડવા ગેરવાજબી ટિપ્પણી કરે છે ત્યારે તેણે રાજકીય નુક્સાન ઉઠાવવું પડે છે, પરંતુ તે સમજવા તૈયાર નથી. તેનું કારણ એ જ છે કે ખુદ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતા વડાપ્રધાન પર અયોગ્ય ટિપ્પણીઓ કરતા રહે છે. જો શીર્ષ નેતાઓ જ એવું કરતા હોય તો, નીચલા સ્તરના છૂટભૈયા નેતાઓ તો બેફામ જ થાય. આ પરંપરા ક્યારે અટકશે તે કહી ન શકાય, પણ એટલું સ્પષ્ટ છે કે તેમાં પોલીસની ત્યાં સુધી કોઈ ભૂમિકા ન હોવી જોઈએ, જ્યાં સુધી કોઈના અપશબ્દ વૈમનસ્ય ફેલાવવાની સાથે જ કાયદો અને વ્યવસ્થા માટે ખતરો પેદા ન કરે. જોકે ઉલ્લેખનીય છે કે પવન ખેડાને તો સુપ્રીમ કોર્ટમાંથી તાત્કાલિક સુનાવણી ને તાત્કાલિક રાહત મળી ગઈ, આવી જ 'તાત્કાલિક' રાહત આમ જનતાને પણ મળે તો કેવું?*

## તાપમાનમાં ફરી એકવાર વધારો થવાની શરુઆત

અમદાવાદ,તા.૨૫

ફેબ્રુઆરીનો અંત આવે તે પહેલા જ હવામાને પાછલા ભારે ગરમી અનુભવાઈ રહી છે. મહત્વનું છે કે ફેબ્રુઆરીમાં જ તાપમાનમાં મોટા ફેરફાર થતા ૫૦ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. રાજ્યના વિવિધ શહેરોમાં ફરી એકવાર તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આશ્ચર્યજનક વાત એ છે કે અમદાવાદ અને ગાંધીનગરના બદલે સૌરાષ્ટ્રના અમરેલી, સુરેન્દ્રનગર, કેશોદમાં ઊંચું મહત્તમ તાપમાન નોંધાયું છે. આ સિવાય રાજ્યના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાનનો પારો ૩૦ને વટાવી ગયો છે.

લઘુત્તમ તાપમાનમાં વધારો થવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા શુક્રવારે વ્યક્ત કરવામાં આવી હતી, આ પ્રમાણે આજથી અમદાવાદ સહિતના રાજ્યના અન્ય શહેરોમાં આકરો તાપ અનુભવાઈ રહ્યો છે. બપોરના સમયે રસ્તા પર વાહનોની અવરજવર પણ ઓછી જોવા મળી રહી છે.

હવામાન વિભાગે રજૂ કરેલા આંકડા પ્રમાણે આજે સૌથી વધુ મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અમરેલી અને સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. આ સિવાય રાજકોટ, કેશોદ, વડોદરા, સુરતમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર સહિત વલ્લભ વિદ્યાનગર અને ભૂજમાં ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

રાજ્યમાં સૌથી નીચું લઘુત્તમ તાપમાન કેશોદમાં ૧૨ ડિગ્રી નોંધાયું છે. આ સિવાય ગાંધીનગર અને નલિયામાં ૧૪ ડિગ્રી જ્યારે અમદાવાદ, વડોદરા, વલસાડ લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે. રાજ્યના મોટાભાગના શહેરમાં લઘુત્તમ તાપમાનનો પારો ૧૭ની અંદર નોંધાયો છે. આમ રાત્રે તથા વહેલી સવારે સામાન્ય ઠંડક અને બપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

બેવડી ઋતુના કારણે બાળકો સહિત વિવિધ ઉંમરના લોકોમાં સામાન્ય શરદી, ખાંસી અને તાવના કેસો પણ વધુ નોંધાઈ રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા શુક્રવારે આગાહી કરાઈ હતી કે આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે.આગામી ૫ દિવસ દરમિયાન રાજ્યનું હવામાન સૂકું રહેવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જેમાં કમોસમી વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી નથી. આગામી ૨૪ કલાકમાં તાપમાનમાં મોટા ફેરફારની સંભાવના નહીવત હોવાનું પણ હવામાન વિભાગ જણાવે છે.૨૪ કલાક પછી લઘુત્તમ તાપમાનમાં પણ વધારો થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હાલ રાત્રે અને વહેલી સવારે ઠંડક અનુભવાય છે પરંતુ સોમવારથી લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે એટલે કે રાત્રી દરમિયાન જે પ્રકારે હાલ ઠંડક રહે છે તેનો અંત આવશે.

# ઉસ્માન-પી-મલેકની કલમે...

૧ મોડાસા શહેરમાં ઢોરનો ત્રાસ તથા કૂતરાઓનો ત્રાસ મોડાસા શહેરમાં વિસ્તાર વાઈઝ રૂપ કુતરાઓ ટોળા જોવા મળે છે. તેમાં હડકાયા કુતરા બાળકોને કરડે છે. રોજ રોજ પાંચ વ્યક્તિઓને કરડે છે તે કુતરા પકડવાનો છેલ્લા દશ વર્ષથી બંધ કરેલ છે.

જો કુતરા પકડવાનો શરૂઆત નહી કરવામાં આવે તો જન આંદોલન કરવામાં આવશે આ બાબતે ભ્રષ્ટાચારી પત્રકારો સમાચાર છાપજો રૂપિયા કમાવાનો રસ ના કરશો.

૨ મોડાસા નગર પાલિકામાં ૧૪ માં નાણા પંચની ગ્રાન્ટો આવેલ છે તે આડે ધળ ખોટા કાર્યો કરી ખર્ચ પાડવામાં આવેલ છે. આડે ધડ કોન્ટ્રાક્ટરને ટેન્ડરો પાસ કરી તેમના મીલી ભગતના કોન્ટ્રાક્ટરોને કામ આપવામાં આવે છે. તેમાં પદઅધિકારી તથા ભ્રષ્ટાચારી અધીકરી તથા હાઈલેવલ ભ્રષ્ટાચારી ચેરમેનો તથા કોંગ્રેસનો સભ્ય તથા વિરોધ પક્ષના નેતા તથા ભ્રષ્ટાચારી કર્મચારીઓની મીલી ભગત છે. આ બાબતે વિજીલેન્સ અધિકારી સાહેબ ગાંધીનગર વાળાઓને તપાસ કરવાની જરૂર છે. તેઓ રાષ્ટ સંપતિની ચોરી કરે છે.


૩ મોડાસા નગરપાલીકાના કોંગ્રેસના સભ્ય તથા વિરોધી પક્ષના નેતા ભૂગર્ભ ગટર યોજનામાં મોટો ભ્રષ્ટાચાર થયેલ છે. તેઓ આ બાબતે બાનગા મારે છે. તેઓને તેમાં ભાગ મળેલ નથી તેના લીધે યશિત્રિત મેળવવા માટે દૈનિક પેપરમાં સમાચાર છપાવે છે. તેઓને આ બાબતે રૂપિયાના કવરો મળી ગયા છે. તો બનગા મારવાનું બંધ કરી દીધેલ છે. અમોએ ભૂગર્ભ ગટર યોજનામાં ભ્રષ્ટાચાર થયેલ તે બાબતે અમોએ ૧૨ માસ પહેલાં ઉસ્માન-પી-માંલેકમાં આ બાબતે વોટસઅપ માં જાણ કરેલ છે. તેઓએ કોઈ કામ ધંધો નથી છતાં તેઓના પાસે અઢળક મિલક્ત છે. તેના ઈ.ઙ. ધ્વારા તપાસ કરવાની જરૂર છે.

૪ મોડાસા શહેરમાં કસ્બા વિસ્તારમાં નાના ભુગડા નાખવામાં આવેલ છે.

તેના લીધે જાહેર રોડ ઉપર ગંદુ પાણી વહે છે. તેના લીધે કાદવ થાય છે. વૃદ્ધાવસ્થા તથા બાળકોને આવવા જવાની ઘણી જ તકલીફ પડે છે. તેના લીધે મચ્છરોનો ઉદ્ભવ થાય છે.તેના લીધે મેલેરિયા થવાનો સંભવ છે.

આ બાબતે તે વિસ્તારના સભ્ય ધ્યાન આપતા નથી તેઓ ફોટા પડાવાનો રસ છે. તે આ વિસ્તારને પછાત ગણવામાં આવે છે.તેના લીધે કામ થતું નથી.

તા. ૨૨/૦૨/૨૦૨૩
ઉસ્માન-પી-મલેક.



ગાંધીનગર મહાનગરપાલિકાના માન. સ્થાયી સમિતિ ચેરમેનશ્રી જશુભાઈ પટેલ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા વિસ્તારની અલગ-અલગ નગર રચના યોજનાઓમાં તા.૨૫/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૯ થી ૧ દરમિયાન વિવિધ ગામો ની મુલાકાત લેવામાં આવેલ હતી. જેમાં ક્રમિક મુલાકાત દરમિયાન ભાટ ગામ ખાતે ડ્રેનેજ લાઈનની સાફ સફાઈ, હવાડાની સામેના ખુલ્લા પ્લોટમાં નવીન આરોગ્ય કેન્દ્ર બનાવવું, ભાટ ગ્રામપંચાયત બાજુમાં આવેલ આંગણવાડી પાસે આવેલ જુનું બાંધકામ તોડી બાળકોને રમવા માટે બગીચો બનાવી રમત-ગમતનાં સાધનો મુકવા, મંદિરની બાજુએ તેમજ ગાયત્રી સોસાયટીની સામે ગૌચરનાં ખુલ્લા પ્લોટમાં ચિલ્ડ્રન યુનિવર્સીટી દ્વારા આપવામાં આવેલ પ્લાન મુજબ આંગણવાડી બનાવવાનું સુચન કરવામાં આવેલ છે.

તેમજ ભાટ,કોટશ્વર,અમીયાપુર,અને ઝુંડાલ ટી.પી. વિસ્તારોમાં બાંધકામ હેઠળ રહેલ સુએઝ પમ્પીંગ સ્ટેશનોમાં કોટાસ્ટોનનું રીપેરીંગ, પ્લાસ્ટર કામ, આર.સી.સી. નાં ટેસ્ટિંગમાં સુધારો કરવો, ધાબા પર પાણી ભરી લીકેજ ચેક કર્યા બાદ ચાઈના મોઝેક લગાવવું તેમજ યોગ્ય સ્લોપ આપી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવી, સ્લેબના સ્ટીલ કામમાં કવર જળવાઈ રહે તે રીતે વધારે સિમેન્ટ વાપરી કવર બ્લોક બનાવી ઉપયોગ કરવા સુચન કરેલ છે. તેમજ કોન્ટ્રાક્ટરે કરેલ કામના કોર કટિંગ કરી ટેસ્ટિંગ કરાવી ગુણવત્તાની ચકાસણી કરાવી લેવા સુચન કરવામાં આવેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ સુએઝ પમ્પીંગ સ્ટેશન/વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન માટે એક જ યુનિક કલર પસંદ કરવા તેમજ તમામ પમ્પીંગ સ્ટેશન પર સ્ટેન્ડ બાય પમ્પીંગ મોટર લગાવવા સુચન કરવામાં આવેલ છે.

## જાસૂસોએ રશિયા માટે યુદ્ધનો પ્લાન બનાવ્યોઃયુક્રેનની સેના-રાજકારણમાં અનેક ગદ્દાર

મોસ્કો,તા.૨૫

૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ એક રશિયન સશસ્ત્ર વાહન ચેર્નોબિલ પરમાણુ પ્લાન્ટ પહોંચ્યું. અહીં તેમને સુરક્ષા માટે પ્લાન્ટની બહાર તૈનાત યુક્રેનિયન સૈન્યની એક નાની ટુકડીનો સામનો કરવો પડ્યો. ૨ કલાકની અંદર યુક્રેનિયન યુનિટના ૧૬૯ સભ્યોએ આત્મસમર્પણ કર્યું. આ સાથે જ રશિયન સેનાએ રાજધાની કીવની નજીક બનેલા ચેર્નોબિલ ન્યુક્લિયર પ્લાન્ટ જેવી મહત્ત્વપૂર્ણ જગ્યાએ કબજો કરી લીધો.

ચેર્નોબિલની સફળતા હકીકતમાં યુક્રેનમાં રશિયન જાસૂસો દ્વારા કરવામાં આવેલા ઓપરેશનનો એક ભાગ હતો. હવે યુક્રેનનું સ્ટેટ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન સરેન્ડર મામલે તપાસ કરી રહ્યું છે. કોર્ટને સોંપવામાં આવેલા કેટલાંક દસ્તાવેજોમાં જાણવા મળ્યું છે કે હુમલા સમયે ચેર્નોબિલના સુરક્ષા વડા વેલેન્ટિન વિટર પ્લાન્ટમાંથી ગાયબ થઈ ગયા હતા. આ અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. વિટર ઉપર રાજદ્રોહની શંકા છે.

યુક્રેનના ભૂતપૂર્વ ટોચના ઈન્ટેલિજન્સ અધિકારી એન્ડ્રી નૉમોવ ઉપર પણ રાજદ્રોહના આરોપમાં તપાસ કરવામાં આવી રહી છે. ડિફેન્સ કાઉન્સિલ સેક્રેટરી ઓલેક્સી ડેનિલોવે એક ઈન્ટરવ્યુમાં કહ્યું- દેશની અંદર હાજર દુશ્મનો આપણાં માટે વધુ ખતરનાક છે. રશિયન હુમલા દરમિયાન પણ ડેનિલોવે યુક્રેનની સેના અને સંરક્ષણ વિભાગમાં રશિયન એજન્ટ હોવાની કબૂલાત કરી હતી.મોસ્કો યુક્રેનની સુરક્ષા વ્યવસ્થામાં એજન્ટોને તૈનાત કરી રહ્યું હતું. પશ્ચિમી ગુપ્તચર રિપોર્ટ્સમાં તેની પુષ્ટિ કરવામાં આવી છે. જેના પ્રમાણે, રશિયા કીવમાં કઠપૂતળી સરકાર બનાવવા માટે ઉદ્યોગપતિ ઓલેગ સારેવને તૈયાર કરી રહ્યું હતું.યુક્રેનિયન નેતા વિક્ટર મેદવેદચુક જેઓ પુતિનના મિત્ર છે. તેમની પાસેથી રશિયાનો એક એક્રિપ્ટેડ ફોન મળી આવ્યો હતો. આ સાથે તેઓ મોસ્કોમાં વાતચીત કરતા હતાં. વિક્ટરની એપ્રિલ ૨૦૨૨માં યુક્રેનિયન સૈન્ય દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સપ્ટેમ્બરમાં મારીયુપોલમાં ૨૧૫ યુક્રેનિયન સૈનિકોના બદલામાં ૫૫ રશિયન સૈનિકો સાથે તેમને મુક્ત કરવામાં આવ્યા હતા.

જુલાઈ ૨૦૨૨માં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સ્ટેટ સિક્યોરિટી ઓફ યુક્રેનના હેડ ઈવાન બકાનોવને દેશદ્રોહના આરોપમાં કાઢી મુક્યા હતાં. સિક્યુરિટી સર્વિસમાં કથિત રીતે દેશદ્રોહના ૬૫૧ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જીર્મેમાં ૬૦થી વધુ અધિકારીઓ છે જેઓ રશિયાના કબજા હેઠળના પ્રદેશોમાં યુક્રેન વિરુદ્ધ કામ કરી રહ્યા છે. જયારે રશિયાએ પહેલીવાર ૨૦૧૪માં યુક્રેનમાં સેનાને નિશાન બનાવ્યું, ત્યારે તેણે વેસ્ટર્ન દેશોમાં અનેક જાસૂસ તૈનાત કરી દીધા.

# ન તો સપ્તધાતુર, ન પંચકોશઃ

સપ્તધાતુર

હવે આપણે સપ્તધાતુર વિષે વાત કરવાના છીએ. આપણે પહેલા પાંચ વાયુ વિષે વાત કરી હતી અને હવે સપ્તધાતુર પર વાત કરીશું 'ન વા સપ્તધાતુર'. શરીરની અંદર વિવિધ અંગો છે, સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ(મધ્યસ્થ ચેતાતંત્ર) છે, રેસ્પિરેટરી સિસ્ટમ(શ્વસન તંત્ર) છે, રિપ્રોડક્ટિવ સિસ્ટમ(પ્રજનન તંત્ર) છે. આ બધું આધુનિક એલોપથી, મેડીસીન, શરીર વિજ્ઞાન અને એનાટોમીમાં વાંચીએ છીએ અને આયુર્વેદમાં પણ તેનો અભ્યાસ કરીએ છીએ. આયુર્વેદમાં શરીર વિશે ૭ વસ્તુઓ કહેવામાં આવી છે. તે ૭ વસ્તુઓ છેઃ શુક્ર, રક્ત, રસ, માંસ, મજ્જા, મેદ અને અસ્થિ.

આયુર્વેદના હિસાબે ૭ મુખ્ય ધાતુઓ છે - અસ્થિ એટલે કે હાડકાં, રક્ત એટલે કે લોહી, રસ એટલે કે લસિકા અથવા પ્લાઝમા, શુક્ર એટલે કે સિમન, મેદ મતલબ ફેટ, મજ્જા મતલબ બોર્નમેરો. આ આપણી અંદર ૭ વસ્તુઓ છે.

તમારી અંદર હાડકાં છે પણ તમે એવું ક્યારેય નથી વિચારતા કે હું હાડકાં છું.

આપણી પાસે કેટલીક ભૌતિક વસ્તુઓ છે, જેમ કે ગાડી છે, તો તમે ક્યારેય એવું નહીં વિચારો કે હું ગાડી છું. પરંતુ આપણી પાસે જે ભૌતિક વસ્તુઓ છે, તેનાથી આપણે આપણી એક માનસિક ઓળખ બનાવીએ છીએ.

જો આપણી પાસે ગાડી છે અને આપણે ગાડી ના આધારે પોતાના વિશે કંઈ જ નથી બનાવ્યું કે આપણે કોણ છીએ, તો વાંધો નથી. ગાડી છે મજા કરો. પરંતુ આપણે આપણી પાસે જે ભૌતિક વસ્તુ છે તેના આધાર પર, આપણે કોણ છીએ તેનું એક ચિત્ર બનાવીએ છીએ.

જો તમારી પાસે મોટું ઘર છે તો કોઈ વાંધો નથી, મોટું ઘર છે મજા કરો અથવા નાનું ઘર હોય તો નાના ઘરમાં મજા કરો. પરંતુ આપણે મોટા ઘરના આધારે એક ચિત્ર બનાવીએ છીએ કે હું ભાગ્યશાળી છું, હું પૈસાવાળો છું, મારા જેવું કોઈ હોશિયાર નથી. અને જો નાનું ઘર હોય, તો આપણે



Mr. Hiten Bhuta

એવી ચિત્ર બનાવીએ કે હું અપરાધી છું, સંજોગનો શિકાર છું. દરેક ભૌતિક વસ્તુના આધારે આપણે એક માનસિક નિર્ણય લઈએ છીએ.

આપણા શરીરમાં આ ૭ ભૌતિક વસ્તુઓ છે - શુક્ર, રસ, રક્ત, માંસ, મજ્જા, મેદ અને અસ્થિ. આપણે તેના આધારે માનસિક નિર્ણય કરીએ છીએ. પરંતુ શંકરાચાર્ય કહે છે કે આ બધાં જે માનસિક નિર્ણય તમે કાર્ય છે તે તમે નથી.

*અસ્થિ*

*"ન વા સપ્તધાતુર", તમે સપ્તધાતુર નથી. પહેલા આવે અસ્થિ. અસ્થિ એટલે કે હાડકાં. હાડકાં શરીરમાં હોય છે. હવે હાડકા તો એક ભૌતિક વસ્તુ છે, પરંતુ આપણે તેના માટે એક માનસિક ચિત્ર બનાવીએ છીએ. કેવું ચિત્ર બનાવીએ છીએ? હાડકાં શેના પ્રતીક છે? સ્થિર, સ્વસ્થ, આશ્વસ્તના પ્રતીક છે. કેટલાક લોકો ખૂબ સ્થિર હોય છે. જેમના હાડકાં સ્થિર છે, તેઓ સ્થિર રહેશે. જેના હાડકાં સારા છે તેની એક માનસિક ધારણા બની જાય છે કે હું સ્થિર છું. તેઓ એવું કહે પણ છે કે હું કોણ? હું હિમાલયની જેમ અડગ છું. પરંતુ તમે અસ્થિ નથી, "ન વા સપ્તધાતુર". અસ્થિ નથી એટલે કે આપણે આ જે ધારણા બનાવી છે કે હું હિમાલયની જેમ અડગ છું, તે ધારણા તમે નથી.*

*કેટલાક લોકોનાં હાડકાં કમજોર હોય છે, આત્મવિશ્વાસ ઓછો હોય છે. તેઓ કહે છે કે, હું બહુ કમજોર માણસ છું. હું વિચારું છું કે આજે ઉપવાસ કરીશ, પરંતુ થતો જ નથી, મારો નિશ્ચય એટલો પાકો નથી.*

*કેટલાક લોકો પોતાના વિશે એવું વિચારે કે હું કમજોર છું. કેટલાક લોકો એમ વિચારે છે કે હું મજબૂત છું. આ બન્ને જે ધારણા બનાવી છે તે તમે નથી.*

*એકવાર સવારના ભોજનમાં મારા ઘરે સેન્ડવીચ બનાવી.*

*મારા દીકરાએ મને કહ્યું, "પપ્પા મને બહુ દુઃખ થાય છે".*

*મેં પૂછ્યું, "કેમ દુઃખ થાય છે?" તો તે કહે, અમે તો બધા સેન્ડવીચ ખાઈશું. પણ તમે તો નહીં ખાઈ શકો. અમને તો બસ સ્વાદિષ્ટ ખાવાનું જોઈએ. અમે તમારા અથવા મમ્મી જેટલાં મજબૂત નથી. આમ, કેટલાક લોકો માને છે કે મને કોઈ કેટલું પણ સમજાવે કે વડાપાંવ ન ખાઓ, સેન્ડવીચ ન ખાઓ, પણ હું મારી જાતને રોકી જ શકતો નથી, મારે તો ખાવું જ પડે.*

*કેટલાક લોકો એવા હોય છે કે તેઓ એક વાર વિચારી લે એટલે તે કરે જ, એટલા અડગ હોય છે. આ જે અડગતા પર ઘમંડ રાખીને બેઠા છે કે હું અડગ છું, હું હિમાલય જેવો છું અથવા તો જે એવું દુઃખ રાખીને બેઠા છે કે હું કમજોર છું, આ ખોટી ધારણા છે. આ બધું તમે નથી.*

*"ન વા સપ્તધાતુ", માં અસ્થિ છે, માળખું છે, સ્થિરતા છે. કેટલાક લોકોનું જીવન ખૂબ જ શિસ્તબદ્ધ હોય છે. તેઓને લાગે કે મારું બધું નિશ્ચિત છે, નક્કી કરેલ છે, હું સમય બગાડતો નથી અને આ વાતનો તેઓ ઘમંડ પણ રાખે છે.*

*કેટલાક લોકો તેમના મન પ્રમાણે ચાલે છે. મન ફાટે ત્યારે અને મન થાય તેવું કરે. તેઓનું કંઈ નિશ્ચિત હોતું નથી. પછી તેઓ પોતાની ઓળખ બનાવે છે કે હું તો પોતાની મરજીનો માલિક છું, મારું કઈ નક્કી નથી. આ બંને પ્રકારની જે ઓળખ તમે બનાવી છે, તેમાંથી તમે કાંઈ નથી.*

*શંકરાચાર્ય કહે છે કે "ન વા સપ્તધાતુર" - જો તમને લાગતું હોય કે મારાં હાડકા સારા છે, હું ખૂબ તાકાતવર છું, અને કદાચ એવું લાગતું હોય કે મારાં હાડકા સારા નથી, હું ખૂબ કમજોર છું. આ બંને ધારણા ખોટી છે. તમે આ બંને નથી.શંકરાચાર્ય આપણી દરેક વાત, આપણું વ્યક્તિત્વ, આપણી ઓળખ, આપણી આપણા વિષે જે ધારણા છે તે બધું કાઢી નાખશે.*

## જી-૨૦ની બેઠકમાં મુખ્યમંત્રી-ગૃહમંત્રી જ ન આવ્યાઃ એમ એસ યુનિ.માં વિવાદ

વડોદરા,તા.૨૫

વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના યજમાન પદે G-૨૦ અંતર્ગત યોજાયેલી યૂથ-૨૦ની શિખર બેઠકમાં મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી તેમજ મોટાભાગના ધારાસભ્યો હાજર ન રહેતા સેનેટ મેમ્બરે નારાજગી વ્યક્ત કરી હતી. તેમજ કહ્યું કે, આ યુનિવર્સિટીનું અપમાન છે. સત્તાધીશોને મુજરા કરવાનો શોખ હોય તો પોતાના વ્યક્તિગત ફંક્શનમાં બોલાવે.

એમ.એસ.યુનિવર્સિટીના સેનેટ મેમ્બર કપિલ જોશીએ જણાવ્યું હતું કે, જી-૨૦ અંતર્ગત કાર્યક્રમ આવકાર્ય છે. પરંતુ અમારો વિરોધ એક જ છે કે બે દિવસ પહેલાં રાત્રે ઈન્વિટેશન મળે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રી ઋષિકેશ પટેલ તેમજ વડોદરા શહેર અને જિલ્લાના ધારસભ્યોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. પરંતુ ધારાસભ્ય કેયૂર રોકડિયા સિવાય મુખ્યમંત્રી, કોઈ મંત્રીઓ કે અન્ય ધારાસભ્યો પણ હાજર રહ્યા નથી. આ યુનિવર્સિટીનું અપમાન છે. વાઈસ ચાન્સેલર કહે છે કે બજેટ સત્રના કારણે મુખ્યમંત્રી અને અન્ય ધારાસભ્યો નથી આવી શક્યા. તો શું વાઈસ ચાન્સેલરને આ વિશે ખબર નહોતી? જો ગેસ્ટ આવવાના જ નથી હોતા તો શા માટે આવા તાયફાઓ કરો છો? આ તો વિદ્યાર્થીઓ અને સેનેટ મેમ્બરોનું અપમાન છે.

કપિલ જોશીએ કહ્યું કે, જો આમંત્રિત ગેસ્ટ આવવાના જ નથી તો આ લાખો રૂપિયોના ખર્ચ શા માટે? કોના બાપની દિવાળી? આ તાગડધિન્ના શા માટે? આ તાયફા શા માટે? જો આ સત્તાધીશોને મુજરા કરવાનો શોખ હોય તો પોતાના વ્યક્તિગત ફંકશનમાં બોલાવે. પરંતુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના રૂપિયા આવી રીતે ન ખર્ચાવા જોઈએ.

કપિલ જોશીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપવાનો કાર્યક્રમ હતો ત્યારે પણ શિક્ષમંત્રી નહોતા આવ્યા. યુનિવર્સિટીના સત્તાધીશો વિઝન વિનાના અને જીહજૂરી કરનારા અહીં બેસી ગયા છે. યુનિવર્સિટીના સત્તાધીશો સુધરે તો સારું નહીં તો તેનું તંત્ર ખાડે જશે.મુખ્યમંત્રી સહિતના મોટાભાગના આમંત્રિતો કાર્યક્રમમાં હાજર ન રહેવા મુદ્દે વાઈસ ચાન્સેલર વિજય શ્રીવાસ્તવે કહ્યું હતું કે બજેટ સત્રને કારણે તેઓ હાજર નથી રહી શક્યા. સાથે તેમણે યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બરો દ્વારા કરવામાં આવેલ વોકાઉટ અંગે કશું પણ કહેવાનું ટાળ્યું હતું.

ગૂગલ બોય તરીકે ઓળખાતો હરિયાણાનો કૌટિલ્ય યુનિવર્સિટી ખાતે વક્તવ્ય આપવા આવી પહોંચ્યો હતો.

## રાજકોટઃ ચોકીદારે તરુણીનો દેહ ત્રણ-ત્રણ વખત પીંખી નાંખ્યો

રાજકોટ,તા.૨૫

શહેરમાં વધુ એક વખત દુષ્કર્મની ઘટના ઘટી હોવાનું સામે આવ્યું છે. તરુણીને ધમકાવી ચોકીદારે ત્રણ-ત્રણ વખત પોતાની હવસનો શિકાર બનાવી હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી હવસખોર ચોકીદારની શોધખોળ શરૂ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ શહેરની યુનિવર્સિટી પોલીસ મથકમાં એક મહિલાએ ફરિયાદ નોંધાવી છે કે, તેમની ૧૭ વર્ષની પુત્રી પર હિતેશ બ્રહ્મભટ્ટ નામના વ્યક્તિએ દુષ્કર્મ આચર્યું છે. પોતાની ફરિયાદમાં મહિલાએ જણાવ્યું છે કે, ૧૭ વર્ષની પુત્રી પરિવારજનોને આર્થિક મદદ કરી શકે તે માટે પારકા ઘરના કામ કરે છે. દરમિયાન મારી સગીર વયની દીકરી પામ સીટી એપાર્ટમેન્ટના ફ્લેટમાં ઘરકામ કરવા માટે જતી હતી. જે દરમિયાન એપાર્ટમેન્ટના ચોકીદાર હિતેશ બ્રહ્મભટ્ટની તેના પર ખરાબ નજર પડી હતી. સૌપ્રથમ તેને મારી દીકરી સાથે સામાન્ય વાતચીત કરી પરિચય કેળવ્યો હતો. તેમજ ત્યાર બાદ તારા ભાઈને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. ચોકીદાર હિતેશ બ્રહ્મભટ્ટે એપાર્ટમેન્ટના રૂમમાં જ ત્રણ-ત્રણ વખત બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનું મહિલાએ પોલીસને જણાવ્યું છે. ત્યારે પોલીસે સમગ્ર મામલે દુષ્કર્મ અને પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી હિતેશ બ્રહ્મભટ્ટની શોધખોળ શરૂ કરી છે.